અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજનો ૧૨મો વાર્ષિકોત્સવ યોજાયો હતો. તા. ૧૩ માર્ચના રોજ ખીમજી વિશ્રામહોલ ખાતે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે સ્વામી ધર્મબંધુજી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં અભ્યાસ ઉપરાંત રમત-ગમત, સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ વર્ષ દરમિયાન કરવામાં આવેલી પ્રવૃત્તિઓના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને સંબોધતા સ્વામીજીએ જણાવ્યું હતું કે વિશ્વમાં નોલેજ પાવર વધી રહ્યો છે ત્યારે વિદ્યાર્થીઓએ સામનો કરવા માટે પોતાનું જ્ઞાન વધારવું જોઈએ. તેમજ ચેરમેન વલ્લભભાઈ પટેલે વિદ્યાર્થીઓને જીવનમાં ઉચ્ચ કારકિર્દી ઘડવા માટે પુષ્કળ મહેનત કરવા જણાવ્યુ હતુ. આ પ્રસંગે કોલેજના અધ્યાપકો, ટ્રસ્ટીગણ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓએ મહેમાનો અને પ્રાધ્યાપકોને શાંતિથી સાંભળ્યા હતા.

કેનેડાના વિઝાને બહાને લુંટાયેલા બીજા આઠ જણા પોલીસને મળ્યા

ગાંધીનગર શહેર તથા આસપાસના લોકોને ટાર્ગેટ બનાવ્યા : ૧૦ થી ૨૦ લાખ સુધી પડાવી લેવાયા હોવાનું ખુલ્યુ

ગાંધીનગર, તા. ૧૩

સેક્ટર-૧૬માં સ્થિત ઈમીગ્રેશનની ઓફીસના છ જણાના સ્ટાફે મળીને ૧૫.૯૪ લાખ રૂપિયા કેનેડાના કાયમી વિઝાના બહાને પડાવી લીધાની ફરીયાદ ચારેક દિવસ પહેલા સે. ૨૧ પોલીસ સ્ટેશને નોંધાવા પામી હતી. આ પ્રકારે લાખો રૂપિયા બીજાના પણ ઠગ ટોળકીએ પડાવ્યા હોવાનું ખુલ્યુ છે. બીજા આઠ જણા પોતાના રૂ. ૧૦ લાખથી રૂ. ૨૦ લાખ ગયા હોવાની ફરીયાદ કરવા પોલીસને મળ્યા હતા.

કનેડાના કાયમી વિઝા અપાવવાના બહાને રૂ. ૧૫.૯૪ લાખ રૂપિયાનો ચુનો ચોપડી છેતરપીંડી આચરી હોવાની ફરીયાદ સે. ૧૬ ઓમ ઈમીગ્રેશનની ઓફીસના છ શખ્સો સામે સેક્ટર-૨૧ પોલીસમથકે નોંધાવા પામી હતી.

આ ટોળકી ઠગ હોવાનુ ખુલતા અન્ય આઠ લોકો પણ પોલીસને મળ્યા છે. જે લોકોએ આ જ ટોળકી પાસે ડીલ કરીને કાયમી વિઝા માટે રૂ. ૧૦ લાખથી માંડીને રૂ. ૨૦ લાખ આપી દીધા છે અને હવે ટલ્લે ચઢાવ્યા છે. હજુ ઘણા લોકો સાથે છેતરપીંડી આ ઠગ ટોળકીએ આચરી હોવાનું જાણવા મળી રહ્યું છે. સે. ૨૧ પોલીસમથકના પી.એસ.આઈ. વી.પી. સોલંકીએ આ દિશામાં તપાસ ચલાવી છે.

ટ્રકમાંથી ચીજવસ્તુની ચોરીના ગુનામાં નવની ધરપકડ થઈ

ઝડપાયેલા તમામ શખ્સોની પુછપરછ શરૂ : બાતમી બાદ પેટ્રોલિંગ વેળા સફળતા : વધુ વિગત ખુલે તેવી સંભાવના

અમદાવાદ, તા.૧૩

સરદાર પટેલ રીંગ રોડ પર ટ્રકોમાંથી થતા માલસમાનની ચોરીના ગુના અંતર્ગત સેક્ટર-૨ સ્કોર્ડે કુલ નવ આરોપીની ૮૬ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરી છે. શહેરમાં બનતા ચોરી, લૂંટના બનાવોને શોધી કાઢવા તેમજ અટકાવવા માટે સેક્ટર-૨ના પોલીસ સબ ઈન્સ્પેક્ટર એચવી સીસારા તથા સ્ટાફના અન્ય સુરેશ શ્રીધરન, પ્રવિણસિંહ, ધર્મરાજ યુવરજા, જયેન્દ્રસિંહ કેશરીસિંહ રામોલ રીંગ રોડ પાસે પેટ્રોલિંગમાં હતા ત્યારે બાતમી મળી કે રિન્કુ લંગડો નામનો ઈસમ રામોલ રીંગ રોડ ઉપર લોંખડ ચોરીનું કૌભાંડ ચલાવે છે આ બાતમીના આધારે સેક્ટર-૨ સ્કોર્ડે વસ્ત્રાલ ચાર રસ્તા પાસે આરએએફ કેમ્પની બાજુમાં એસબીઆઈ એટીએમ પાછળ દરોડા પાડીને કુલ પાંચ ટ્રક ચાલકો વિજય પ્રતાપસિંગ રાજપુત, ગજેન્દ્રસિંહ મદનસિંહ ઝાલા, નિયાઝ અહેમદ એકલાલ અહેમદ, કાલુસિંગ પર્વતસિંગ ચૌહાણ તથા તેજસિંગ કાનસિંગ રાજપુત પોતાની ટ્રકોમાંથી લોખંડનો મુદ્દામાલ પોતાના માલિકની જાણ બહાર જીતેન્દ્ર ઉર્ફે રીન્કુ ઉર્પે લંગડો જૈનને તથા તેના ભાગીદાર હેમેન્દ્ર ચૌહાણને વેચી દેતા હતા. ટ્રકોમાંથી કાઢેલો મુદ્દામાલ કિમત રૂા. ૧,૫૨,૫૦૦ને જીતેન્દ્ર પોતાના સાગરીત ભુપેન્દ્રસિંહ ચૌહાણ, શંભુનાથ યોગી, હિતેન્દ્ર ચૌહાણ દ્વારા બીજી ખાલી ટ્રકમાં ભરાવતા પકડાઈ ગયા છે. કુલ નવ આરોપી પાસેથી ટ્રકો, બે એક્ટીવા, નવ મોબાઈલ, વજન કાંટો મળી કુલ ૮૬,૧૨, ૧૪૧નો મુદ્દામાલ કબજે કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ મામલાની વિગત એવી છે કે રીંગ રોડ ઉપર લોખંડની હેરાફેરી કરતા ભારવાહક ટ્રકોના ડ્રાઈવરો પોતાના માલિકની જાણ બહાર ચોરી છુપીથી ટ્રકમાંથી અડધા ટનથી ટન સુધીનો માલ બારોબાર વેચી દેતા હતા. આ રેકેટનો મુખ્ય સુત્રધાર જીતેન્દ્ર ઉર્ફે રીન્દુ તથા તેનો ભાગીદાર હેમેન્દ્રભાઈ ચૌહાણ રાત્રી દરમ્યાન ટ્રકોમાંથી અડધાકિંમતે ચોરીથી ઉતારેલ મુદ્દામાલ સવારમાં વેચી દેતા હતા.

ઉનાળો શરૂ થતાં પહેલા જ સે-પમાં પાણીનું પ્રેશર ઘટી જતા વસાહતીઓમાં રોષ

નવા સેક્ટરોમાં પૂરતા પ્રેશરથી પાણી મળી રહે તે માટે પાણીની નવી ટાંકી સે-પ-સીમાં બનાવી હોવા છતાં પ્રેશરનો અભાવ

ગાંધીનગર, તા.૧૩

સેક્ટર-૫ વસાહત મંડળ દ્વારા રહણાંકના મકાનોમાં ખૂબ જ ઓછા પ્રેશરથી પાણી અપાતું હોવાથી પીવાનું તેમજ રોજીંદા વપરાશનું પાણી પહોંચતું નથી તે અંગે પાણી વિભાગ દ્વારા વિતરણ વ્યવસ્થામાં રહલી ખામીઓ દૂર કરી પૂરતા પ્રેશરથી આપવા માંગ કરાઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે નવા સેક્ટરોમાં પુરતા પ્રેશરથી પાણી મળી રહે તે માટે સેક્ટર-૫-સીમાં પાણીની નવી ટાંકી બનાવવામાં આવી હોવા છતાં સે-પમાં જ પાણીનું પ્રેશર ખૂબ જ ઓછું આવ્યાની ફરિયાદો ઉઠવા પામી છે.

નવા સેક્ટરોમાં પૂરતા પ્રેશરથી પાણી મળી રહે તે માટે સે-૫-સીમાં બનાવેલી નવી ટાંકીમાંથી પહેલા પાણી સીધું સેક્ટર-૧૩, ૧૪, ૧૫માં આપવામાં આવે છે પછી ત્યાં થઈને પાણી સે-૫માં આવે છે જેના કારણે પ્રેશર ખૂબ જ ઓછું થઈ જાય છે તેવો આક્ષેપ સે-૫ વસાહત મંડળ દ્વારા કરવામાં આવ્યો છે. આ સેક્ટરોમાં ૨૪ કલાક પાણી મળતું હોવાના દાવા સાથે વસાહત મંડળે પાણી વિભાગની વિતરણ વ્યવસ્થા ખામી ભરેલી અને ભેદભાવપૂર્ણ હોવાનો આક્ષેપ કરેલ છે.

ઉનાળો હજુ શરૂ થયો નથી ત્યાં સે-૫માં પાણીનું પ્રેશર ઘટાડી દેવાતા વસાહતીઓને ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. કારણે વસાહતીઓમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે. આ બાબતે સંબંધિત અધિકારીઓને જરુરી સૂચના આપી સત્વરે સે-૫માં પૂરતા પ્રેશરથી પાણી મળે તેવી વ્યવસ્થા ગોઠવવા વસાહત મંડળ દ્વારા માંગણી કરવામાં આવી છે.

સેક્ટર-૨૧માં ઓફીસનું તાળુ તોડી ટેબલમાંથી રોકડા ૫૦ હજારની ચોરી

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૧ ખાતે સ્થિત ઓરીએન્ટલ ઈન્સ્યોરન્સ બિલ્ડીંગમાં સ્થિત એક ઓફીસના દરવાજાનું રાત્રી દરમ્યાન તાળુ તોડી તસ્કરો ઓફીસના ટેબલમાં પડેલા રૂ. ૫૦ હજાર રોકડા ઉપાડી ગયા છે. દુકાનમાલીકની ફરીયાદને આધારે સે. ૨૧ પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

કુડાસણ ખાતે સ્વામિનારાયણ ધામ પાસે રહેતા પંકજભાઈ બિહારીભાઈ શાહની બિલ્ડીંગ મટીરીયલ્સની દુકાન સેક્ટર-૨૧ ઓરીએન્ટલ ઈન્સ્યોરન્સ બિલ્ડીંગ ખાતે આવેલી છે. દુકાનની ઉપર તેમની ઓફીસ આવેલી છે. ગઈ મોડી સાંજે ઓફીસ બંધ કરીને ઘરે ગયા અને સવારે પરત ફર્યા ત્યા સુધીના સમયગાળામાં તસ્કરો તેમની ઓફીસને નિશાન બનાવી ગયા હતા. ઓફીસના દરવાજાનું તાળુ તોડીને અંદર ઘુસી ટેબલના ડ્રોઅરમાં પડેલા રૂ. ૫૦હજાર રોકડા ચોરી કરી તસ્કરો ભાગી જવામાં સફળ રહ્યા હતા. વેપારીએ સે. ૨૧ પોલીસને ઘટનાની જાણ કરતા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી તપાસનો દોર શરૂ કર્યો છે.

આંબેડકર જયંતિ સમિતિના હોદ્દેદારોની વરણી કરવામાં આવી

ગાંધીનગર, તા.૧૩

ડૉ. બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતિ મહોત્સવ સમિતિ ગાંધીનગરની સાધારણ સભા મળી હતી. સભામાં વર્ષ ૨૦૧૪-૧૫ના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

જેમાં પ્રમુખ તરીકે પી.બી. શ્રીમાળી નિવૃત્ત નાયબ નિયામક સમાજ કલ્યાણ ખાતુ, મહામંત્રી તરીકે વિઠ્ઠલભાઈ પરમાર, ઉપપ્રમુખ તરીકે, ભરતસિંઘ ચૌધરી, અશ્વિનચંદ્ર રાઠોડ, વિરસિંહ મકવાણા, સહમંત્રી તરીકે એ.ટી. શેઠ, ડી.એમ. પરમાર, શંકરભાઈ ચૌહાણ, ટ્રસ્ટી તરીકે કલ્પેશ ચૌહાણ, આર.કે. પરીખ, ગોવિંદભાઈ રાઠોડ, કોષાધ્યક્ષ તરીકે પિનાકીન, કાનુની સલાહકાર તરીકે પ્રવિણભાઈ અમીન અને સલાહકાર તરીકે રમેશભાઈ, નારાયણભાઈ અને આર.ટી. પરમારની વરણી કરવામાં આવી હતી.

ગાંધીનગરમાં કાશીરામ જન્મજયંતિ કાર્યક્રમ મોકૂફ કરાયો

અનુસૂચિત જાતિ એકતા મંચ દ્વારા શ્રી કાશીરામ જન્મ જયંતિ નિમિત્તે તા. ૧૬મી માર્ચના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન સેકટર-૧૨માં આયોજિત કાર્યક્રમ અનિવાર્ય સંજોગોને કારણે મોકૂફ રાખેલ છે. એકતા મંચના કન્વીનરશ્રી વાસુદેવભાઈ શ્રીમાળી દ્વારા જણાવવામાં આવેલ છે.

પેથાપુરમાં આનંદનો ગરબો

પેથાપુર અંબા મંડળ દ્વારા તા. ૧૬મી માર્ચના રોજ બપોરે ૨.૦૦ કલાકે સોની અમૃતલાલ ધાસીરામ સોમનાથ સોસાયટીને ત્યાં આનંદનો ગરબો રાખવામાં આવેલ છે. તો બહેનોએ ગરબાનો લાભ લેવા કાર્યકર નટુભાઈ કે. દરજીએ જણાવેલ છે.

પાલડી ચાર સસ્તા પાસે ૩૦૦ કિલોગ્રામ ગૌમાંસ સાથે બેની ધરપકડ

શહેરમાંથી ગૌમાંસ મળી આવવાના બનાવો તો જાણે સાવ સામાન્ય થઈ ગયા છે ત્યારે શહેરના પાલડી ચાર રસ્તા પાસેથી પોલીસે ૩૦૦ કિલો ગૌમાંસના જથ્થા સાથે બે શખ્સોની ધરપકડ કરી છે. આજે સવારે ૮ વાગ્યાની આસપાસ એલીસબ્રીજ પોલીસને રીક્ષામાં ગૌમાંસ લઈને આવી રહ્યા હોવા અંગે બાતમી મળી હતી. આ બાતમીના આધારે એલીસબ્રીજ પોલીસે પાલડી ચાર રસ્તા પાસેથી વોચ ગોઠવીને ગૌમાંસ લઈને આવી રહેલા નાસીર નૂર મહોમ્મદ હસુનભાઈ શેખ તથા મહેબુ હાજીસાહેબ વીરમગામવાળાને સીએનજી રીક્ષા સાથે પકડી પડાયા હતા.

ઉદર મારવાની દવા શ્વાસમાં ચઢી જતાં મહિલાનું મૃત્યુ

રાંધેજાની મહિલાને બે દિવસ પહેલા શ્વાસમાં દવા ચઢી ગઈ હતી : સારવાર દરમ્યાન મૃત્યુ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર નજીક રાંધેજા ગામમાં રહેતી ૩૫ વર્ષીય મહિલા બે દિવસ અગાઉ પોતાના ઘરમાં ઉંદર મારવાની દવાનો છંટકાવ કરી રહી હતી તે દરમિયાન શ્વાસમાં દવા ચઢી જતાં ગંભીર અસર થવા પામી હતી. બે દિવસથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ દાખલ મહિલાનું આજે સારવાર દરમ્યાન મૃત્યુ નિપજ્યું હતું. પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

રાંધેજા ગામમાં રહેતી ૩૫ વર્ષીય મહિલા રંજનબેન ગોવિંદજી પઢાર ૧૧મી તારીખે બે દિવસ અગાઉ પોતાના ઘરે ઉંદર મારવાની દવા છાંટી રહ્યા હતા તે દરમ્યાન અચાનક શ્વાસમાં દવા ચઢી જતા અર્ધબેભાન હાલતમાં આવી ગયા હતા. તાત્કાલિક તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. બે દિવસથી જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલી મહિલા રંજનબેનનું આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મૃત્યુ નિપજ્યું હતું. પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ઉંડી તપાસ આરંભી છે.

હોળીમાં જરૂરી સાવધાની

હોળીની તૈયારીમાં તમામ લોકો વ્યસ્ત બની ચુક્યા છે. શનિવાર અને રવિવારના દિવસે હોળી અને ધુળેટીની ઉજવણી કરવામાં આવનાર છે. આ બંને પ્રસંગોમાં કોઈપણ બનાવ ન બને તે માટે કેટલીક જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે.

શું સાવધાની રાખવી જોઈએ

- રંગોથી આંખોને સલામત રાખવા સનગ્લાસ અચુક પહેરવા જોઈએ.
- જો કોઈ ઈમરજન્સી પેદા થાય તો ૧૦૮ને કોલ કરી મેડિકલ, ફાયર પોલીસની મદદ લઈ શકાય.
- ચોખ્ખુ પાણી અને સારી ગુણવત્તાના કલરો ઉપયોગ કરવો.
- વડીલોની નિગરાનીમાં બાળકોએ હોળી રમવી જોઈએ.
- ચહેરાને કલરનાં અચાનક આક્રમણથી બચાવવું ખુબ મુશ્કેલ છે પરંતુ જો એમ થાય તો આંખો, મોઢું ચુસ્તપણે બંધ કરવું જોઈએ.
- પરિવહન કરતી વખતે સજાગ-સલામત રહેવું, પાણીના ફુગ્ગા કે અન્ય કોઈ વસ્તુના અચોક્કસ આક્રમણથી ચેતવું. હેલ્મેટ અવશ્ય પહેરવું.

કઈ બાબતો ટાળવી જોઈએ

- જે દુકાને ખોરાક કે મીઠાઈને દુષિત પાણીથી તૈયાર કરવામાં આવેલ હોય તે ખાવાનું ટાળો.
- પાણીના ફુગ્ગાને આંખ, કાન તેમજ ચહેરા પર સીધા ફેંકવા નહીં.
- બાળકને ઠંડા, કાદવ-ગટરના દુષિત પાણી સાથે હોળી રમતા અટકાવો.
- ભાંગ કે નશાયુક્ત પાણીનું પીધા બાદ ડ્રાઈવીંગ ના કરો.
- હોળીના દિવસોમાં શેરીઓમાં એકલા ના ફરો કેમ કે કોઈ ખેલનાં નિશાન પર હોઈ શકો છો. હોળી નિકટનાં મિત્રો અને સગા સંબંધીઓ સાથે રમો. ● લિસી અથવા ભીની સપાટી પર દોડશો નહીં.

વતનની વાટ : હોળી - ધુળેટીનું પર્વ સમગ્ર દેશમાં ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે... વિવિદ પ્રદેશોમાં વિવિધ રીતે હોળી પર્વની ઉજવણી કરવામાં આવતી હોય છે... એમાંય ખાસ કરીને રાજસ્થાન, યુ.પી. બિહાર અને ડુંગરપુરમાં હોળી પર્વનું ખાસ મહત્વ હોય છે... એટલે ગુજરાતમાં આવીને વસેલા અને રોજગારી મેળવતા પરિવારો હોળી-ધૂળેટીના પર્વની ઉજવણી માટે વતન તરફ પ્રયાણ કરતા હોય છે... ગાંધીનગર આસપાસ રહેતા પરિવારો રાજસ્થાન જવા માટે ચિંલોડા જંકશનનો ખાસ ઉપયોગ કરતા હોય છે... વતન તરફ જવા કોઈપણ વાહનમાં, ગમે તે રીતે બેસીને એટલું જ નહિ બસની છત પર બેસીને મુસાફરી કરતા પરિવારો હાલમાં ચિલોડા જંકશન ખાતે જોવા મળી રહ્યા છે.... *(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)*

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૮
સૂર્યાસ્ત : ૬.૪૨

તાપમાન

મહત્તમ : ૩૪.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૮.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૩૦ ટકા ● સાંજે ૨૦ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
રાઈસ ઑફ એન એમ્પાયર : ૧૦.૧૦, ૧૨.૩૦, ૫.૫૦, ૧૧.૧૦
શાદી કે સાઈડ ઈફેક્ટસ : ૨.૪૦, ૮.૧૦

: સ્ક્રીન-૨ :
ક્વીન : ૧૦.૧૫, ૧.૧૫,૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
બેવકૂફિયા : ૯.૩૦, ૧૨.૧૦, ૨.૫૦, ૫.૩૦, ૮.૧૦, ૧૦.૫૦

: સ્ક્રીન-૪ :
બેવકૂફિયા : ૧૦.૫૦, ૧.૩૦, ૪.૧૦, ૬.૫૦, ૯.૩૦

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ક્વીન : ૧૦.૩૦, ૧.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
શાદી કે સાઈડ ઈફેક્ટ : ૪.૩૦

: સ્ક્રીન-૨ :
ગુલાબ ગેંગ્ગ : ૧૦.૦૦, ૪.૦૦,૧૦.૦૦
ટોટલ સીયાપા : ૧.૩૦, ૭.૩૦

: સ્ક્રીન-૩ :
રાઈસ ઓફ એન એમ્પાર : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
બેવકૂફિયા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
ડબ્લુય : ૧૦.૪૫, ૧૦.૦૦
ગુલાબ ગેન્ગ : ૧.૦૦, ૭.૦૦
નેબર્સ : ૪.૧૫

: સ્ક્રીન-૩ :
નેબર્સ : ૧૦.૧૫, ૯.૦૦
ડબલ્યુ : ૧૨.૩૦, ૬.૦૦
ગુલાબ ગેન્ગ : ૩.૦૦

ચિરાગ સિનેમા(કલોલ)

શાદી કે સાઈડ ઈફેક્ટસ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ટાઉન હોલ

- ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા 'વાહ ગુરુ' નામક નાટક રાત્રે ૯.૩૦ કલાકે.

આપની આજ

મેષ : પૈતૃક આર્થિક સ્થિતિમાં લાભનો યોગ. નવી આયોજનો માટે રોકાણ કરતાં પહેલાં યોગ્ય તપાસ કરવી હિતાવહ રહેશે. આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. ધાર્મિકક્ષેત્રે યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે.

વૃષભ : આર્થિક કારણોથી, સામાજિક કાર્યોથી અવરોધની સંભાવના. જળ ક્ષેત્રોની વિશેષ યાત્રાઓનું આયોજન થઈ શકે છે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે. આરોગ્યલક્ષી આહાર લેવો.

મિથુન : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. આપના કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યા છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે. લગ્નવાંચ્છુકોને પોતાની જીવનસાથીની પસંદગી થઈ શકે છે.

કર્ક : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ, સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ. આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે. વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવાથી યોગ્ય નિકાલ આવી શકશે.

સિંહ : અપરણિતો માટે લગ્નસંબંધી પ્રસ્તાવ, લંબિત પ્રકરણોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે.

કન્યા : આપને ઉપયોગી બની રહે એવા નવા સંબંધો બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર મધ્યમ રહશે. ધાર્મિક કાર્યમાં સમય પસાર થશે.

તુલા : કાયદાની બાબતોમાં વિવાદોનો ઉકેલ થશે. પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી.

વૃશ્ચિક : સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું.

ધન : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે. આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે. ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક શિક્ષાનાં કાર્યોમાં રૂચિ વધશે.

મકર : ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન-સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે.

કુંભ : કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો. નવા સંબંધો બંધાશે.

મીન : મહત્વકાંક્ષાઓ પ્રગતિ માટે પ્રેરિત કરશે. મંગળ કાર્યોનું આયોજન કરી શકશો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. આર્થિક કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે.